


# ઈતિહાસનાં પાનાંઓમાંથી ખોવાઈ ગયેલા ગુજરાતી જાસૂસો

સાયન્સ એન્ડ નોલેજ

★ ધનંજય રાવલ

આમ તો ભારતમાં રામાયણ અને મહાભારતના સમયથી અત્યાર સુધી ગુપ્ત બાતમીતંત્રે રાજ્યના કારોબારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભવભૂતિ કવિએ 'ઉત્તરરામ ચરિત'માં લખ્યું છે કે મંથરા રાવણના મામા અને મંત્રીમય રાક્ષસે કેકય પ્રદેશમાં મોકલેલી જાસૂસ હતી, જે કૈકેયી સાથે દશરથ રાજાના રાજ્યમાં અયોધ્યા (સાકેત) આવી હતી. નાગ લોકો જાસૂસ તરીકે કૌરવ-પાંડવના પ્રદેશમાં ફરી વળ્યાનો ઉલ્લેખ મહાભારતમાં છે. ઈ.પૂ. 1370ની સાલમાં મિસ્રના રાજા તુતેનખામેનની વિધવાએ એ પ્રદેશ ઉપર ઘેરો નાખી પડેલ હિટ્ટાઈટને પરણવા માટે મોકલેલ સંદેશામાં ચાલબાજી હોવાની શંકાથી હિટ્ટાઈટ રાજકુમારે પોતાના જાસૂસ હટ્ટુ-જિતિસને જાસૂસ તરીકે મોકલ્યાનો પુરાવો પિરામિડમાં મળ્યો છે. હજરત મૂસાના 12 જાસૂસોનું દળ આગળ જઈ તે પ્રદેશના ખબર ગુપ્ત રીતે મેળવતું હોવાનો ઉલ્લેખ પણ મળે છે. મૂસાના મૃત્યુ પછી ઈ.પૂ. 1200માં જોસુઆએ જેરિકો શહેર સ્થિત જાસૂસ રહાબ નામે વેશ્યાને ત્યાં પ્રતિ-જાસૂસીની જાળ ગૂંથી હતી. ચાણક્યના 'અર્થશાસ્ત્ર'માં જાસૂસી માટે વિષકન્યાનાં પ્રયોગ થયાનો ઉલ્લેખ છે. સમ્રાટ અશોકે તેમજ અજાતશત્રુ, ગણરાજ્ય લિચ્છવી અને મિથ્રિડેટીઝ, જૂલિયસ સીઝર, માર્લબરો - વેલિંગ્ટન વગેરે સેનાપતિઓએ જાસૂસ સેવાનો ઉપયોગ કર્યો હતો.

પ્રાચીનકાળથી રાજાઓને ખબર હતી કે યુદ્ધ જીતી લેવું છે તો દુશ્મનના મનના ભેદ પહેલાં જાણી લેવા પડે. ચાણક્યે 'અર્થશાસ્ત્ર'માં સ્પષ્ટ લખ્યું છે કે રાજ્ય ચલાવવાં ગુપ્તચર વ્યવસ્થા અત્યંત આવશ્યક છે. ચાણક્યના 'ગુપ્તચરો' જુવાન, સાધુ અને વેપારીનું રૂપ લઈ દુશ્મનના રાજમાં ભેદ શોધતા. ચાણક્યના સમયમાં 'ગુપ્તચરો'ને 'કપટક' અને 'ઉપયુક્તક' તરીકે ઓળખવામાં આવતા. ચાણક્યના અર્થશાસ્ત્ર ગ્રંથમાં ગુપ્તચર વ્યવસ્થાને અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાવવામાં આવી છે. તેમણે ગુપ્તચરો માટે અલગ-અલગ નામો અને પ્રકારો નિર્ધારિત કર્યા હતા, જેમ કેઃ

**1. કપટક (Kapataka):** જે ગુપ્તચર દુશ્મનોના દેશમાં ઘૂસીને તેમનાં ભેદ જાણતા અને કૌશલ્યપૂર્વક છળ કપટથી દુશ્મનના ભેદ જાણી લાવતા.

2. ઉપયુક્તક (Upayuktaka): આ એવા ગુપ્તચર છે જે રાજદરોના દરબારમાં નોકરીયાત તરીકે અથવા વેપારી રૂપે રહેતા હતાં અને રાજકીય ઘટનાઓ પર બારીક નજર રાખતા.

**3. સંચારી (Sanchari):** યાત્રાળુ તરીકે ફરતા અને પ્રજામાં જાગેલા અસંતોષ અથવા ગુપ્ત માહિતી એકઠી કરતા.

**4. તિક્ષ્ણ (Tikshna):** ગુપ્ત હથિયારધારી અને ચતુરાઈથી ગુપ્તકર્મો (સિક્રેટ મિશનો) માટે નિમણૂક કરાતા. ચાણક્યના મતે યોગ્ય રાજકીય વહીવટ માટે ગુપ્તચર વ્યવસ્થા જરૂરી છે. તેઓ કહે છે કે "ગુપ્તચરો રાજા માટે આંખ અને કાન છે."

મધ્યયુગમાં યુરોપના રાજ દરબારોમાં ગુપ્તચરો 'કવિ' કે 'સંદેશવાહક' બનીને સમાચાર લાવતા. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પણ ભારતમાં પોતાની પકડ મજબૂત કરવા માટે ગુપ્તચરોએ વિશાળ નેટવર્ક ઊભું કર્યું હતું. દુશ્મનના દરબારમાં ઘૂસીને ચોપડાઓની નકલ કરવી, રાજકીય ષડયંત્રોને ભાંગી પાડવાનું કામ તેઓ કરતા હતા. ચંગેઝખાન, હલાકૂ, નાદિરશાહ, મહારાણી ઈલિઝાબેથ પહેલી, ઑલિવર ક્રૉમવેલ, ફ્રેડરિક મહાન, નેપોલિયન બોનાપાર્ટ, બિસ્માર્ક અને બોઅર યુદ્ધમાં દક્ષિણ આફ્રિકાના કર્નલ જ્યૉર્જ, ડેવિડ હૅન્ડરસન, પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટનની મિલિટરી ઈન્ટેલિજન્સ-5, જર્મન શાસક કૈસર, હિટલરનું ગેસ્ટાપો સંગઠન અને બીજા વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર દરેક દેશો બંને પક્ષે ગુપ્તચર સંસ્થાઓ દ્વારા કેટલીક સિદ્ધિ હાંસલ કર્યાનો ઈતિહાસ છે. 1857ના સ્વાતંત્ર્ય યુદ્ધ દરમિયાન બ્રિટિશ અને ભારતીય રાજવીઓ બંને પક્ષે જાસૂસી તંત્રો વિકસ્યાં હતાં. 1945 સુધી ભારતની આઝાદીની ચળવળમાં એ પ્રવૃત્તિ ભૂગર્ભમાં રહેલા દેશપ્રેમીઓએ ફરી અંગ્રેજોને હંફાવ્યા હતા. મહાત્મા ગાંધીજીની અહિંસક લડતની સાથોસાથ આ ભૂગર્ભ ચળવળે પણ ભારતને આઝાદ કરવામાં ગણનાપાત્ર ભાગ ભજવ્યો છે.

'ગુપ્તચર અધિકારી' અને 'જાસૂસ' શબ્દો ઘણીવાર લોકપ્રિય સંસ્કૃતિમાં એકબીજાના બદલે વાપરવામાં આવે છે, પરંતુ તે ગુપ્તચર અને જાસૂસીના ક્ષેત્રમાં વિવિધ ભૂમિકાઓ કઈ રીતે જુદી પડે છે તે જાણવું જરૂરી છે. ગુપ્તચર અધિકારી એ સરકારી એજન્સી (દા.ત., CIA, MI6, વગેરે) દ્વારા કાર્યરત એક વ્યાવસાયિક સંસ્થા છે. જેની પ્રાથમિક જવાબદારી ગુપ્ત માહિતી એકત્રિત કરવાની, વિશ્લેષણ કરવાની અને પ્રસારિત કરવાની છે. તેઓ કામગીરીનું નિરીક્ષણ કરી શકે છે, સ્ત્રોતોનું સંચાલન કરી શકે છે અને અન્ય એજન્સીઓ સાથે સંકલન કરી શકે છે. તેમના કાર્યમાં ઘણીવાર વ્યૂહાત્મક આયોજન, ગુપ્ત માહિતી વિશ્લેષણ અને અન્ય સરકારી સંસ્થાઓ સાથે સહયોગનો સમાવેશ થાય છે. તેઓ માહિતી આપનારાઓની ભરતી અને સંચાલનમાં પણ સામેલ હોઈ શકે છે. જ્યારે ગુપ્તચર અધિકારીઓ સામાન્ય રીતે વિશ્લેષણ, કામગીરી અને વિદેશી ભાષાઓ જેવા ક્ષેત્રોમાં ઔપચારિક તાલીમ મેળવે છે.

જાસૂસ (અથવા એજન્ટ) એવી વ્યક્તિ છે જે સરકાર અથવા સંગઠન વતી ગુપ્ત રીતે માહિતી અથવા ગુપ્ત માહિતી એકત્રિત કરે છે. આમાં ગુપ્ત કાર્ય, ઘૂસણખોરી અથવા જાસૂસી પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે. જાસૂસો ઘણીવાર ગુપ્ત રીતે સંવેદનશીલ માહિતી એકત્રિત કરે છે, ક્યારેક ભ્રામક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. તેઓ સ્વતંત્ર રીતે અથવા મોટા ઓપરેશનના ભાગ રૂપે કાર્ય કરી શકે છે. જ્યારે કેટલાક જાસૂસો તાલીમ મેળવી શકે છે, ખાસ કરીને જો તેઓ ઔપચારિક ગુપ્તચર એજન્સીનો ભાગ હોય, તો તેઓ વિવિધ પૃષ્ઠભૂમિમાંથી પણ ભરતી થઈ શકે છે અને હંમેશા ઔપચારિક ગુપ્તચર તાલીમ ધરાવતા ન પણ હોય.

આધુનિક યુગમાં જાસૂસીના પદ્ધતિઓમાં ટેકનોલોજીનો વધારો થયો છે. પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજું વિશ્વયુદ્ધ એ સ્પાઈસ માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયા. બ્રિટિશોની 'MI6', અમેરિકાની 'CIA' અને રશિયાની 'KGB' એ ગુપ્તચરગિરિને વૈજ્ઞાનિક સ્તરે લઈ ગયા. ભારતે પણ 1968માં 'RAW' (Research and Analysis Wing) ની સ્થાપના કરી અને વિદેશમાં ભારતના હિતો માટે ગુપ્તચરગિરીને મજબૂત બનાવી. જેમ જેમ ટેકનોલોજી વિકસે છે તેમજ જાસૂસી પણ નવા રૂપમાં આવી રહી છે. હવે ડ્રોન, સેટેલાઇટ ઈમેજિસ અને સાયબર જાસૂસીની સાથે સ્પાઈની દુનિયા વધુ જટિલ અને ચતુર બની ગઈ છે. પરંતુ હકીકત એ છે કે આજેય એક સચોટ માનવી ગુપ્તચર દુશ્મનની ભેદભાષા તોડી શકે છે. જગતમાં જ્યાં સુધી રાજકીય ષડયંત્રો રહેશે ત્યાં સુધી ગુપ્તચરોની દુનિયા પણ જીવંત રહેશે.

જાસૂસીના કાર્ય માટેની નિષ્ઠા ગુપ્તચરની સફળતા માટે અનિવાર્ય પરિબળ ગણાય. તે માટે પોતાના કુટુંબની સુખાકારી કે કલ્યાણનો પણ તેને ભોગ આપવો પડે છે. ઈતિહાસમાં એવા દાખલા છે જેમાં અમુક રાજકીય, આર્થિક કે ધાર્મિક વિચારસરણીનું પ્રતિનિધિત્વ કરતા ગુપ્તચરોએ દેશ પ્રત્યેની વફાદારીને ખાતર કુટુંબ સાથેના પોતાના સંબંધો જોખમમાં મૂક્યા હોય, તેવા સંબંધો કાયમ માટે ગુમાવ્યા હોય અથવા દેશવટો વહોરીને તેમની પાસેથી જાસૂસી કરાવનારા દેશમાં પોતે શરણું લીધું હોય. ગુજરાતમાં પણ આ બેવડી કામગીરી કરનાર જાસૂસ વિશે તે પછી કોઈ આધારભૂત માહિતી મળી ન હોય તેવા જાસૂસોની આજે વાત કરવાની છે.

**પ્રાચીનકાળથી રાજાઓને ખબર હતી કે યુદ્ધ જીતી લેવું છે તો દુશ્મનના મનના ભેદ પહેલાં જાણી લેવા પડે. ચાણક્યે 'અર્થશાસ્ત્ર'માં સ્પષ્ટ લખ્યું છે કે રાજ્ય ચલાવવાં ગુપ્તચર વ્યવસ્થા અત્યંત આવશ્યક છે**

મૌલિક વ્યૂહચાતુર્ય ધરાવતા ગુપ્તચર જામનગરના દરબારમાં સેવા આપનાર મેઘજી ભટ્ટના વંશજ કૃષ્ણદાસ મેઘજીનો ઉલ્લેખ કચ્છ અને સૌરાષ્ટ્રના ઈતિહાસમાં એક અનોખા અને મૌલિક વ્યૂહરચના ધરાવતા રાજ ગુપ્તચર તરીકે થાય છે. તે સમયગાળો 17મી સદીના અંતિમ વર્ષો અને 18મી સદીના આરંભનો હતો, જ્યારે અરબી સમુદ્રના કિનારાઓ પર રાજકીય સ્પર્ધા, વેપારી સ્પર્ધા અને વિદેશી શક્તિઓના કાવતરાં જોરશોરથી ચાલી રહ્યા હતા. પોર્ટુગીઝોએ દમણ, દીવ, ગોવા જેવા કેન્દ્રોમાં પોતાની દરિયાઈ શક્તિ સ્થાપી હતી અને ગુપ્ત રીતે કચ્છ-સૌરાષ્ટ્રના કેટલાક વેપારીઓ સાથે હથિયાર વ્યવહાર શરૂ કર્યો હતો.

આ વેપાર માત્ર આર્થિક જ નહોતો પણ પ્રાદેશિક રાજ્યોની સુરક્ષાને જોખમમાં મૂકતો હતો કારણ કે, વિદેશી હથિયારોથી સજ્જ દળો સ્થાનિક શાસકો સામે બળવો કરી શકે એવી પરિસ્થિતિ હતી. કચ્છના મહારાવ લાખાજી રાજકીય રીતે સચેત હતા. તેમને આવા કાવતરાંને તોડી પાડવા માટે એક કુશળ અને વિશ્વસનીય ગુપ્તચર જાળની જરૂર હતી. એ સમયે કૃષ્ણદાસ મેઘજીની પસંદગી 'ખાસ રાજગુપ્તચર' તરીકે થઈ. કૃષ્ણદાસ મેઘજીએ પોતાની કામગીરી માટે દરિયાઈ માર્ગો અને તટવર્તી ગામોમાં ગાઢ સંપર્ક જાળ સ્થાપ્યું. કચ્છથી માંડીને મચ્છીમારી ગામો, પોર્ટ ટાઉન, વેપારી મંડળીઓ અને મધ્યસાગરીય દરિયાઈ માર્ગોમાંથી ગોવા સુધી તેઓએ જાણકાર એજન્ટો અને સૂત્રધારો તૈયાર કર્યા. તેઓ માત્ર માહિતી એકત્ર કરતા ન હતા, પરંતુ તેને ચકાસીને, ગોપનીય સંકેતો દ્વારા સીધું મહારાવ લાખાજી સુધી પહોંચાડતા.

કહેવાય છે કે તેમણે અનેકવાર પોર્ટુગીઝ જહાજોમાં છદ્મવેશમાં પ્રવેશ કરીને હથિયાર ભરેલા કાર્ગો વિશે માહિતી મેળવી. કેટલાંક કિસ્સામાં તો તેઓએ ખોટી અફવા ફેલાવીને વિદેશી વેપારીઓના ગોઠવાયેલા સોદા નિષ્ફળ કર્યા. તેમની વ્યૂહરચનામાં કૌટિલ્યના અર્થશાસ્ત્રના સૂત્રો અને સ્થાનિક વેપારી મનોબળની સમજણનો સંયોજન જોવા મળતો. કૃષ્ણદાસ મેઘજીની કામગીરીના પરિણામે, પોર્ટુગીઝોના અનેક ગુપ્ત ષડયંત્રો મહારાવ સુધી પહોંચ્યા અને સમયસર કાર્યવાહી થવાથી કચ્છના તટીય વિસ્તારને મોટું નુકસાન થતા બતાવ્યું. તેમની સાહસિકતા, બુદ્ધિ અને નિષ્ઠાને કારણે તેઓ માત્ર દરબારમાં જ નહીં, પરંતુ સ્થાનિક જનમાનસમાં પણ 'દેશરક્ષક ગુપ્તચર' તરીકે યાદ રહ્યા.

મુઘલ સામ્રાજ્યના ઉન્નતિના સમયમાં ભરૂચ માત્ર વેપારનું મહત્ત્વનું કેન્દ્ર જ ન હતું પણ રાજકીય અને સાંસ્કૃતિક પ્રવાહોમાં પણ અગ્રણી હતું. અહીંનું એક વિશિષ્ટ બ્રાહ્મણ સમુદાય, જેને લોકો 'શિયાળી મોલસલ' તરીકે ઓળખતા હતા. તેઓ ગુપ્તચર કૌશલ્ય માટે પ્રસિદ્ધ હતું. 'શિયાળી' શબ્દ તેમની વિશિષ્ટ ગામની ઓળખ દર્શાવતો હતો, જ્યારે 'મોલસલ' તેમના વર્તમાન કે કાર્યોની લોક પ્રચલિત ઉપાધિ હતી. આ લોકો પોતે કોઈ રાજદરોના સૈનિક નહોતા, પરંતુ યાત્રાળુ, વાર્તાકાર અને ભજનીય ગાયક તરીકે છદ્મવેશ ધારણ કરીને એક શહેરથી બીજા શહેર સુધી ફરતા. તેમના ગીતો અને વાર્તાઓ માત્ર લોકરંજક નહોતા પરંતુ તેમાં ચતુરાઈથી લખાયેલા કોડવર્ડ, પ્રતીકો અને સંકેતો દ્વારા માહિતી પહોંચાડવાના માધ્યમ પણ બનતા. તેઓ બજારોમાં, મેળાઓમાં અને દરબારોની આસપાસ પ્રદર્શન કરતાં, જે દરમિયાન રાજદરોની ગોપનીય બેઠક, સૈન્ય ચળવળો કે ષડયંત્રો અંગેની જાણકારી મેળવી લેતા હતા. શિયાળી મોલસલની સૌથી વિશેષતા એ હતી કે તેઓ સંદેશાવ્યવહાર માટે મૌખિક કોડિંગ સિસ્ટમ વાપરતા હતા.

...અનુસંધાન પાના નં. 10 પર